સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિન્દી ભાષા
પરીક્ષાઓમાં પાસ થવાના ધોરણ બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-હનપ/૧૦૮૩/૧૯૮૮/ક.
સચિવાલય, ગાંધીનગર.
તા:- /૫/૯૯. 13 MAY 1999

વંચાણે લીધા:-(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૦/૯/૬૭નો ઠરાવ ક્રમાંક:-હનપ/૧૧૬૭/ક.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૫/૧/૭૯નો ઠરાવ ક્રમાંક:-હનપ/૧૨૭૨/૭૯/ક.

ઉપર વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિન્દી ભાષા પરીક્ષાઓમાં પાસ થવાનું ધોરણ ૩૫ ટકાનું નિયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક:-૨ સામેના ઠરાવથી હિન્દી ભાષા પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ઊંચુ લઈ જઈને ૪૦ ટકાનું કરવામાં આવ્યું હતું.

પ્રવર્તમાન નિયમાં અનુસાર સરકારી કર્મચારીએ હિન્દી રાષ્ટ્રભાષા હોવાને કારણે હિન્દી ભાષા પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે. પરંતુ આ પરીક્ષા પાસ કરવાનું ધોરણ પ્રમાણમાં ઊંચું હોવાને કારણે કર્મચારીઓને હિન્દી ભાષા પરીક્ષા પાસ કરવામાં મુશ્કેલી પડે છે. અને તેથી નિયમાનુસાર કર્મચારીોના ઈજાફા, બઢતી, ઉચ્ચતર પગારધોરણ વગેરે અટકાવવામાં આવે છે. આના કારણે હિન્દી ભાષા પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ઘટાડવા માટે અવારનવાર રજૂઆતો થતી રહે છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ સરકારી કર્મચારીઓએ પાસ કરવાની હિન્દી ભાષા પરીક્ષામાં પાસ થવાનું પ્રવર્તમાન ધોરણ ઘટાડવાની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૧/૭૯ના ઠરાવ ક્રમાંક:હનપ/૧૨૭૨/૭૯/ક. થી હિન્દી ભાષા પરીક્ષા પાસ કરવાનું ધોરણ નિયત કરવામાં આવેલ. તેને બદલે હવે સદરહુ

પાસ થવાનું ધોરણ નીચે મુજબ રહેશે :-

(૧) ઉચ્ચશ્રેણી :- પ્રત્યેક લેખિત પ્રશ્નપત્ર તથા મૌખિક કસોટીમાં ઓછામાં ઓછા ૩૫ ટકા.

(૨) નિમ્નશ્રેણી :- પ્રત્યેક લેખિત પ્રશ્નપત્ર તથા મૌખિક કસોટીમાં ઓછામાં ઓછા ૩૫ ટકા.

(૩) બોલચાલ શ્રેણી :- શ્રુતલેખન તથા મૌખિક કસોટીમાં પાસ થવા માટે નિયત કરવામાં આવેલ ગુણના ૩૫ ટકા ગુણ મેળવવાના રહેશે.

આમ એકંદરે ૩૫ ટકા ગુણ મેળવવાના રહેશે.

આ હુકમો આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એમ. શેખ
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
મા. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
બધા મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

સચિવાલયના સર્વે વિભાગો (પાંચ પાંચ નકલો સાથે)
× સચિવશ્રી, ગુજરાત-જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× ભાષા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એડિશનલ એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર.
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
અન્ય ખાતા/ કચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
[illegible] શાખા.
સીલેક્ટ ફાઈલ/ક. શાખા.

---

× પત્ર દ્વારા.